सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૧૨ | ૦૩ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ: | ૧૨ | ૦૩ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ: | ૨૩ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૧ |

## ખેડા જિલ્લાના મહેરબાન અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં મુ.કપડવંજ.

**ક્રીમીનલ પરચુરણ અરજી નંબર: ૫૧/૨૦૨૬**

**અરજદાર:-** અશોકભાઈ ઉર્ફે ટકાભાઈ સ/ઓ કાનજીભાઈ ગાંડાભાઈ ચૌહાણ
ઉ.વ.આ. ૩૯, ધંધો-ખેતી,
રહે. ધોરા વિસ્તાર, સરાલી, તા.કઠલાલ, જિ. ખેડા.
**(હાલ રહે. જિલ્લા જેલ બીલોદરા)**

***//વિરૂધ્ધ//***

**સામાવાળા:- સરકારશ્રી**

**બાબત: ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી**

*************************************************************************

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી ડી. પી. ઠાકોર
શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ. આર. પટેલ

---

**-:: આંક-૦૧ અન્વયે હુકમ ::-**

(૧) સદર કામે અરજદાર/આરોપી કઠલાલ પોલીસ સ્ટેશનના ફ. ગુ. ર. નં. ૧૧૨૦ ૪૦૨૭૨૫૦૬૪૦/૨૦૨૫થી બી.એન.એસ.ની કલમ-૧૦૩(૧)ના કામે જયુડીશીયલ

કસ્ટડીમા હોય, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન મેળવવા માટેની હાલની અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી તથા શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી ને સાંભળ્યા તેમજ રજુ થયેલ પોલીસ પેપર્સ અને તપાસનીશ અમલદારે રજુ કરેલ એફીડેવીટ વંચાણે લીધું.

(૩) આ કામના ફરીયાદપક્ષની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ મરણજનાર કાનજીભાઈ ગાંડાભાઈ ચૌહાણ (પોતાના પિતા) ઉ.વ. ૬૫નાઓ સાથે અગાઉના ઝઘડાની અદાવત રાખી તા. ૦૨/૧૧/૨૦૨૫ ના રોજ બપોરના કલાક ૧૪:૦૦ વાગ્યાના સુમારે મોજે સરાલી, આશાપુરા ખેતરમાં આ કામના ફરીયાદીના ઘર આગળ રસ્તામા ઝઘડો કરી મરણજનારને માથામા તથા ડાબા પગે લોખંડની પાઈપથી માર મારી મરણજનારનો ડાબો પગ ભાંગી નાંખી તથા માથામાં ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી ગુનો કરેલ. જે મતલબની કઠલાલ પોલીસ સ્ટેશનમા ફરીયાદ નોંધવામા આવેલી.

(૪) અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલોમા મુખ્યત્વે અરજીની હકીકતોને દોહરાવેલ છે અને એવી રજુઆત કરેલી છે કે, અરજદાર/ આરોપીએ કોઈ ગુનો કરેલ નથી તેઓ નિર્દોષ છે. અરજદાર/આરોપીએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ ભાગ ભજવેલ નહી હોવા છતાં તેઓને ખોટી રીતે સંડોવી દેવામા આવેલ છે. ફરીયાદ જોતા અરજદાર વિરૂધ્ધ પ્રથમદર્શનીય કોઈ કેસ જણાતો નથી. અરજદાર સામે આ અગાઉ મરણજનારે જમીનમાં ભાગ બાબતે કોઈ જઘડો થયેલ હોવા બાબતે કોઈ ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપેલ નથી. અરજદાર કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. અરજદારે મરણજનારને કોઈ માર મારેલ નથી. અરજદાર પાસે ગુનાને લગતી કોઈ ચીજવસ્તુ રીકવર કે ડીસ્કવર કરવાની બાકી રહેતી નથી. સદર કામે ગુનાની તપાસ પુર્ણ થતાં ચાર્જશીટ થઈ ગયેલ છે. અરજદાર/આરોપી મજુરી કરી તેઓના ઘર પરીવારનુ ભરણપોષણ કરે છે. અરજદાર/આરોપી તેમના કુટુંબ સાથે ઉપરોકત સરનામે કાયમી

વસવાટ કરે છે. અરજદાર/આરોપી કયાંય નાસી ભાગી જાય તેમ નથી તથા વધુમાં નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની અરજદાર/આરોપી ખાત્રી આપતા હોય અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલી છે.

(૫) શ્રી સરકાર તરફે વિ. એ. પી. પી. શ્રીએ મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, અરજદાર/આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ-૧૦૩(૧) મુજબની ફરીયાદ દાખલ થયેલી છે, અરજદાર/આરોપીએ પોતાના પિતાને માથામા તથા ડાબા પગે લોખંડની પાઈપ મારી માથાના ભાગે તથા ડાબા પગે ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવેલ છે. અરજદાર/આરોપીએ ગંભીર જઘન્ય અપરાધ કરેલ છે. મેડીકલ પુરાવા તથા એફ.એસ.એલ. રીપોર્ટ પણ બનાવ હકીકતને સમર્થન આપે છે. વધુમાં તપાસ કરનાર અમલદારે રજુ કરેલ સોગંદનામા ને આધારે અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૬) બંને પક્ષની રજુઆતો, જામીન અરજીની હકીકત, રજુ થયેલ તમામ પોલીસ પેપર્સ, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વગેરે ધ્યાને લીધા. આ કામના અરજદાર/ આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ-૧૦૩(૧) મુજબનો આક્ષેપ છે. ફરીયાદની હકીકતો જોતાં અરજદાર/આરોપીએ પોતાના પિતા / મરણજનારને માથાના ભાગે લોખંડની પાઈપ મારી માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવેલ હોવાનો આક્ષેપ છે. અરજદાર/આરોપીએ કલમ-૨૭ મુજબનો પંચનામા વખતે પંચો સમક્ષ ગુનામા વાપરેલ મારક હથીયાર લોખંડની પાઈપ રજુ કરેલ છે. પી. એમ. નોટમા મરણજનારને માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મોત થયેલ હોવાનુ કારણ જણાવેલ છે. અરજદાર/આરોપીની સામે પ્રથમ દર્શનીય ગુનો બનતો હોવાનું જણાય છે. માત્ર ચાર્જશીટ રજુ થવાથી સંજોગોમાં ફેરફાર થયો હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પરથી જણાઈ આવતી નથી. આ તમામ હકીકતો ધ્યાને લેતા અરજદારની સદર

અરજી મંજુર કરવી ન્યાયી, વ્યાજબી અને યોગ્ય જણાતી ન હોઈ ન્યાયના હીતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## –:: આખરી હુકમ ::–

અરજદારની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ અન્વયેની ક્રીમીનલ પરચુરણ અરજી નં. ૫૧/૨૦૨૬ **ના–મંજુર** યાને **રદ** કરવામાં આવે છે.

– આ હુકમની યાદી સંબંધિત પોલીસ સ્ટેશન, જિલ્લા જેલ બીલોદરાને મોકલી આપવી.

હુકમ આજ રોજ તા. ૨૩, માહે માર્ચ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૨૩/૦૩/૨૦૨૬
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
અધિક સત્ર ન્યાયાધીશ,
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)

NMJ